सरदार वल्लभभाई पटेल मेमोरियल सोसायटी
गांधी-सरदार स्मृति चोक, शाहीबाग, अहमदाबाद ३८०००४.

**Sardar Vallabhbhai Patel Memorial Society**
Gandhi-Sardar Smruti Chowk, Shahibaug, Ahmedabad-380004.
**Tele / Fax** : 079 - 22868217, **Tel. No.** : 079 - 22867027
**Email** : svpmsl980@gmail.com
**Website** : www.sardarpatelmuseum.org



Sardar Vallabhbhai Patel National Museum

**Dinsha Patel**
**Chairman**

**R. S. Patel**
**Secretary**

તારીખ: ૧૪/૦૫/૨૦૨૪

## <u>નોટીસ</u>

**વિષય: સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટી, શાહીબાગ, અમદાવાદના પરીસરમાં આવેલ સંપૂર્ણ સુવિધા સજ્જ વાતાનૂકુલિન ઓડિટોરીયમ, મીની હોલ તેમજ ઓપન ગ્રાઉન્ડ માં થતા વિવિધ પ્રોગ્રામો કરતી પાર્ટીઓની જરૂરીયાત મુજબ નું ડેકોરેશન તેમજ ફુડકોર્ટ ચલાવવા અંગેના સ્પર્ધાત્મક ક્વોટેશન મંગાવવા અંગે.**

સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટી, શાહીબાગ, અમદાવાદના પરીસરમાં આવેલ સંપૂર્ણ સુવિધા સજ્જ ૧૦૦૦ જેટલી વ્યક્તિઓની બેઠક ક્ષમતા ધરાવતું વાતાનૂકુલિન ઓડિટોરીયમ, ૨૦૦ જેટલી વ્યક્તિઓની બેઠક ક્ષમતા ધરાવતું વાતાનૂકુલિન મીની હોલ તેમજ ઓપન ગ્રાઉન્ડ માં થતા વિવિધ પ્રોગ્રામો કરતી પાર્ટીઓની જરૂરીયાત મુજબ નું ડેકોરેશન કરાવામા આવતુ હોય છે તેજ પ્રમાણે આ પ્રોગ્રામો કરનાર પાર્ટીઓ જમણવાર પણ કરતી હોય છે અને તેના માટે સુવિધાસભર રસોડું રીવરફ્રન્ટની સામેના ભાગમાં બનાવેલ છે તે માટે પણ ડેકોરેશન તેમજ રસોઈ માટેના વાસણો ઉપલબ્ધ કરવાના રહેતા હોય છે જે સંસ્થા દ્વારા કરાર આધારિત નક્કી કરેલ કોન્ટ્રાકટર મારફતે પૂરા પાડવાના હોય છે. જે ફરજીયાત છે જો કે રસોઈ માટેના કેટરર જે તે પાર્ટી તેઓની જરૂરીયાત મુજબ લાવી શકે છે

તદઉપરાંત સંસ્થા સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ નું મલ્ટીમીડિયા સહિતની અધ્યતન ટેકનોલોજી સભર સંગ્રહાલયની તેમજ અન્ય કામ કાજ માટે આવતા મુલાકાતીઓને ચા – કોફી, ઠંડા-પીણા, વિવિધ પ્રકારના નાસ્તા(સ્નેક્સ) તેમજ જમવાનું મળી રહે તે આશય થી સંસ્થા માં ફુડકોર્ટ બનાવેલ છે.

આમ ઉપરોકત બંને કામ એટલે કે ડેકોરેશન તેમજ ફુડકોર્ટ ચલાવવા માટે સંસ્થા એક વર્ષ માટેનો કરાર આધારીત કોન્ટ્રાક્ટ કરવા ઈચ્છે છે જેથી આ કામ માટેનો બહોળો અનુભવ ધરાવતી પ્રતિષ્ઠિત પાર્ટીઓ પાસેથી વિવિધ પ્રકારની ડેકોરેશનની આઈટમ્સ પૂરા પાડવા અંગે ના સ્પર્ધાત્મક ભાવો અને તે પૈકી સંસ્થાને મોનોપોલી માટે આપી શકાય તે હિસ્સાની ટકાવારી સહિતના તેમજ ફુડકોર્ટ ચલાવવા માટે નું માસિક ભાડા સહિતની સ્પર્ધાત્મક ઓફરો મંગાવવામાં આવે છે.

આ કામ માટે રસ ધરાવતી પાર્ટીઓ સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈ અને તેની સંપૂર્ણ જાણકારી મેળવી શકે છે તે માટે આ અંગેની જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન ૧૦ માં મુલાકાત લેવાની રહેશે અને ત્યાર બાદ એક અઠવાડિયામાં આ અંગેની સ્પર્ધાત્મક ઓફરો શીલ કવરમાં સંસ્થાના નીચે ના સરનામે રજીસ્ટર એડી. પોસ્ટ થી મોકલવાની રહેશે. સમય મર્યાદા બહાર આવેલ ઓફરો સ્વીકારવામાં આવશે નહિ.

આ કામ માટે આવેલ કોઈ પણ ઓફર અથવા તમામ ઓફરો સ્વીકારવી કે નહિ તે સંસ્થાનો અબાધિત અધિકાર રહેશે જેમાં કોઈ પણ જાતના વાદ-વિવાદ કે ફરિયાદને અવકાશ રહેશે નહિ.

જોઈન્ટ સેક્રેટરી

સેક્રેટરી

સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટી
ગાંધી – સરદાર સ્મૃતિ ચોક, સરકીટ હાઉસની સામે
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦૦૦૪.